


## સલામી સવારની..

*મોંઘારત જેવી વિપત નેતાઓને નડી નથી!*
*પ્રજાની પીડા માટે કદી એની આંખો રડી નથી!*
*સડી રહી લોકશાહી પૂર્વગ્રહોના ઉકરડે -*
*પ્રજાના પ્રતિનિધિઓને જ રાષ્ટ્રની પડી નથી!*
*(છો, લાલ-કૃષ્ણ થાય અડવાણી!!)*

હાઈકુ

*ચોર બિચારા!*
*શોધમાં રોકડ -*
*તૂટે છે તાળાં...*
*(બેન્કના કૂવામાં જ નથી!*

*પગાર નથી?!*
*આમે બધા 'લે' તો છે!!*
*છૂટ દૈ દો ને ?!*
*(ખાયકી - કૌભાંડોની...)*

### ચિંતન

**કહ આકાશ કો ફેર હૈ, કહ ધરતી કો તોલ,**
**કહા સાધુ કી જાતિ હૈ, કહ પારસ કા મોલ.**

ઉપરોક્ત સાખી કબીર વાણીમાંથી લેવામાં આવેલ છે.

માણસનું મન શંકાશીલ છે. સાધુનાં સારા લક્ષણ જોઈને પ્રથમ શું વિચાર આવે છે? કોઈ ગુનેગાર સાધુના સ્વાંગમાં હશે કે કોઈ ગંજેરી ગુજરાન ચલાવવા ભગવા પહેરી ફરતો હશે? આ સાધુની મૂળ જ્ઞાતિ શું હશે ? કબીર પૂછે છે કે આકાશનો ઘેરાવો કેટલો છે? બ્રહ્માંડનું કદ શું છે? આપણે તેને માપી શકતાં નથી, તેજ રીતે ધરતીનું વજન કેમ કરી શકાય? પારસ કે જેના સ્પર્શથી લોઢું સોનું બની જાય છે તેનું મૂલ્ય ન થઈ શકે. આજ રીતે સાચા સાધુનું મૂલ્યાંકન કરવામાં આપણે ઊણા ઊતરીએ છીએ. જ્ઞાતિ જેવા સામાજિક દૂષણનો આશરોલક સાધુને ઉતારી પાડવાનો પ્રયત્ન વખોડવો જોઈએ. વ્યક્તિની સાચી કદર કરવામાં ઈર્ષા, પૂર્વગ્રહો અને અહં અંતરાયરૂપ છે. વિવેકબુદ્ધિના ઉપયોગથી જ વ્યક્તિ કે વસ્તુનું મૂલ્ય આપણે નક્કી કરી શકીએ.

### સુવિચાર

- 'મતભેદ' ભૂલીને કોઈ વિશેષ કાર્ય માટે તમામ પક્ષો એક થઈ જાય એ જ જીવંત રાષ્ટ્રનું લક્ષણ છે - **સરદાર પટેલ**
- સભ્યતાના વિકાસ સાથે સંસ્કૃતિનો વિકાસ ન થાય તો માણસ સુવિધાસંપન્ન બને પણ સંસ્કાર સંપન્ન ન બને - **શાહબુદ્દિન રાઠોડ**
- શબ્દ લપનું સંતાન નથી પણ તપનું સંતાન છે, શબ્દનું તેજ પામવાને ઝીલવા માટે તપસ્વી બનવું પડે - **ડો. ચંદ્રકાન્ત મહેતા**
- ક્રાંતિકારી ફેરફારો માટે મોટા પરાક્રમોની જરૂર નથી હોતી, દરેક માણસ પોતે ખરેખર જે વિચારે કે માને તે જ બોલે અથવા ખરેખર જેને ન માને તેને ન ઉચ્ચારે એટલું પૂરતું છે - **ચાણક્ય**
- અભિમાની બનવાની ઈચ્છા થાય તો સ્વદેશાભિમાની જ બનજો - **વિનોભા ભાવે**
- દરેક દિવસને તમે એક ઉત્તમ કૃતિ સમજજો - **ચર્ચિલ**
- આજનું ઔષધ : જીરાને શેકીને ખાવાથી પાયોરીયાની દુર્ગંધ દૂર થાય છે. **(સંકલન : દિપક વી. આસરા)**

### બોધકથા

ધર્મ માત્ર જપ-તપ-સાધના-ઉપાસનામાં નથી, કે નથી રામાયણ-મહાભારત-વેદોના ગ્રંથોમાં - ધર્મની સાચી સમજ માત્ર સદાચાર અને શુદ્ધ આચરણમાં છે, પવિત્ર હૃદય અને સારા વિચારમાં ધર્મ છુપાયો છે.

એક સંતની સત્સંગ સભામાં રોજ એક વૃદ્ધા આવતી - ભક્ત હૃદયે કથા સાંભળવી અને કરૂણરસમાં આંખેથી અશ્રુ પણ પડતાં. કથાકાર એની સમજ અને ભક્તિથી પ્રસન્ન હતા. કથા પૂર્ણ થઈ ત્યારે મહારાજે વૃદ્ધાને પૂછ્યું - માજી! તમે કયા કયા ધર્મગ્રંથોનું પઠન કર્યું છે? તમારી ધર્મભાવના અને ધર્મજ્ઞાન ઉંચકક્ષાનાં દેખાયછે!

વૃદ્ધા કહે, 'મહારાજ હું તો અભણ છું ધર્મગ્રંથોનાં નામ સાંભળ્યાં છે પણ જોયા પણ નથી - વાંચુ તો કયાંથી?'

... પણ એટલી સમજ છે કદી કોઈનું બુરું કરવું નહીં, શક્ય એટલી બીજાને મદદ કરવી, આપણી ભૂલ તાય તો માફી માગી લેવી અને કામથી પરવારીને ભગવાનનું નામ લેવું.

મહારાજ કહે - માજી સાચો ધર્મ જ એ જ છે.

# સરકાર માટે જ સમસ્યા બનવા માંડેલું કાળું નાણું

કેન્દ્ર સરકાર માટે 'બકરું કાઢતાં ઊંટ પેઠું'ની સ્થિતિનું નિર્માણ થયું છે ને આવું જ ચાલુ રહ્યું તો બહુ નજીકના દિવસોમાં એના માટે 'ઊલમાંથી ચૂલમાં' પડવાની સ્થિતિ પણ સર્જાઈ શકે છે.

કાળાં નાણાંની ને નકલી નોટોની દુહાઈ દઈને કેન્દ્ર સરકારે કે વર્તમાન વડાપ્રધાને રાતોરાત રૂપિયા ૫૦૦ અને ૧૦૦૦ની નોટ ચલણમાંથી બાદ કરવાની વાત કરી એ પછીનો ઘટનાક્રમ આપણે જાણીએ છીએ. વડાપ્રધાને કંઈક નવું કર્યું ને આનું પરિણામ સારું જ આવશે એ આશાએ લોકો તકલીફો વેઠીને પણ એમનું સમર્થન કરી રહ્યા છે ને એથી કેન્દ્ર સરકારની હિંમત ટકી રહી છે. પરંતુ આ પગલાંથી રૂ. ૫૦૦ અને ૧૦૦૦ની જૂની ચલણી નોટ્સ રૂપે ધરબાઈને પડેલું કાળું નાણું બહાર આવશે એવી કેન્દ્ર સરકારની માન્યતાનો છેદ ઊડી ગયો છે. રૂપિયા ૧૨ લાખ કરોડની જૂની નોટ્સ તો કેન્દ્ર સરકાર પાસે પરત આવી પણ ગઈ ને હજુ ૩૦ ડિસેમ્બર સુધીનો સમયગાળો છે જૂની નોટ્સ બૅન્કમાં ભરવાનો, ત્યાં સુધીમાં બાકી રહેલી ૩ લાખ કરોડની નોટ્સ પણ પરત આવી જશે એવી ભવિષ્યવાણી નિષ્ણાતો કરી રહ્યા છે.

આ પરિસ્થિતિમાં સો મણનો સવાલ એ છે કે વડાપ્રધાન જેનાં ગાણાં ગાઈ રહ્યાં હતાં એ કાળું નાણું છે ક્યાં ? ને કેવી રીતે બહાર આવશે ?

અલબત્ત, કાળું નાણું બહાર આવી રહ્યું છે પણ એનાથી કેન્દ્ર સરકારની જ ઊંઘ હરામ થઈ રહી છે. કારણ કે કાળું નાણું નવી ચલણી નોટ્સ સ્વરૂપે પકડાઈ રહ્યું છે. તાજેતરના જ બે દાખલા જુઓ : દિલ્હીના ગ્રેટર કૈલાશમાંથી જપ્ત કરાયેલા ૧૩.૫૬ કરોડ રૂપિયામાં ૨.૬ કરોડ રૂપિયા નવી ૨૦૦૦ની નોટના રૂપમાં મળ્યા છે. જ્યારે ૭ કરોડ રૂપિયા ૧૦૦૦ની નોટમાં, ૩ કરોડ રૂપિયા ૧૦૦ની નોટમાં અને બાકીના રૂપિયા ૫૦ અને ૫૦૦ની નોટમાં મળ્યા છે.

કર્ણાટકમાં સિક્રેટ ચેમ્બરમાંથી રૂપિયા ૬ કરોડ મળ્યા છે. જે પૈકી ૫.૭ કરોડની નવી ૨૦૦૦ રૂપિયાની નોટ્સ છે અને ૯૦ લાખ રૂપિયા ૧૦૦ અને ૨૦ રૂપિયાની નોટ્સ સ્વરૂપે છે.

પહેલી ડિસેમ્બરે કર્ણાટકમાં પીડબલ્યુડીના બે ઍન્જિનીયર્સ પાસેથી પકડાયેલા ૧૫૨ કરોડમાં ૪.૭ કરોડની નવી નોટ્સ પકડાઈ. ૮ ડિસેમ્બરે ચેન્નાઈમાં શેખર રેડ્ડી પાસેથી પકડાયેલા ૧૪૨ કરોડ રૂપિયામાં ૧૦ કરોડ રૂપિયા નવી નોટ્સ સ્વરૂપે હતા. આ જ દિવસે સુરતમાંથી ૭૬ લાખ રૂપિયાની નવી નોટ્સ જપ્ત કરવામાં આવી. ૯મી ડિસેમ્બરે એક્સિસ બૅન્કની ચાંદની ચૉક બ્રાન્ચમાં ૪૪ નકલી ખાતાઓમાં ૧૦૦ કરોડની રકમ જમા કરાવવામાં આવી હોવાનો પર્દાફાશ થયો. આ પહેલાં પણ બૅન્ક ઑફિસર્સ અને પૅટ્રોલ પંપવાળાઓના મેળાપીપણાથી જૂની નોટ બદલી કરી દેવામાં આવતી હોવાની અસંખ્ય ફરિયાદો રાજ્ય-કેન્દ્ર સરકારને મળી જ છે. આવા સંજોગોમાં સરકાર કરે

**તંત્રીસ્થાનેથી...**

તોય શું કરે ? પકડે તો કોને પકડે ને કેટલાને પકડે ? એ સવાલ ખુદ સરકાર માટે જ મુંઝવણનું કેન્દ્ર બનીને રહી ગયો છે. નિષ્ણાતો પહેલેથી કહી રહ્યા છે કે સૌથી વધુ કાળું નાણું ઉદ્યોગપતિઓ, રાજકારણીઓ ને સરકારી અધિકારીઓ પાસે છે. સરકારે પોતાની પહોંચ અહીં સુધી પહોંચાડવા જેવી છે.

# વ્યક્તિને મિલ્કતનો ઉપયોગ અને નિકાલ કરવાનો બંધારણની કલમ ૩૦૦(એ) મુજબ સંપૂર્ણ અધિકાર છે

જયારે કોઈ વ્યક્તિ મીલ્કત ખરીદે ત્યારે વેચાણ દસ્તાવેજમાં વેચાણ આપનારે શરતી કે પ્રતિબંધીત શરત મુકી મીલ્કતનું વેચાણ કરી શકે નહિ. શરતી વેચાણએ ટ્રાન્સસફર ઓફ પ્રોપર્ટી એકટની કલમ ૧૦ મુજબ રદબાતલ ઠરે છે.

તેજ રીતે વ્યક્તિએ ધારણ કરેલ મીલ્કતનો ઉપયોગ તથા નિકાલ કરવાનો હક્ક બંધારણની કલમ ૩૦૦ મુજબ તેને આપોઆપ જ મળી જાય છે. બંધારણમાં પ્રાપ્ત આવા અધિકારને વેચાણ કરારની જોગવાઈઓથી નિયંત્રીત કરી શકાય નહિ.

**શરતી કરારએ ટ્રાન્સફર ઓફ પ્રોપર્ટી એકટની કલમ ૧૦ મુજબ રદબાતલ ઠરે છે**

મીલ્કતનો અધિકાર એ ભારતીય બંધારણની અનુચ્છેદ ૧૯(૧)(એફ) મુજબ મૂળભૂત અધિકાર તરીકે સ્થાપીત પામેલ છે પરંતુ બંધારણના ૪૪ માં સુધારા મુજબ અનુચ્છેદ ૩૦૦(એ) તરીકે મુકવામાં આવેલ છે આ કલમ મુજબ કોઈ વ્યક્તિને કાયદાની સત્તા સીવાય તેની મીલ્કતમાંથી વંચિત કરી શકાય નહિ. જયારે એક વ્યક્તિ પોતાની મીલ્કત અન્ય વ્યક્તિને હસ્તાંતર કરે કે વેચાણ વ્યવહાર કરે ત્યારે તેવી મીલ્કત ઉપર પ્રતિબંધ રાખતી શરતો કે વેચાણ લેનારના હક્કો ઉપર તરાપ મારતી શરતો કે પ્રતિબંધ મુકી કરાર કરી શકાય નહિ.

જો આવી શરતો કે જોગવાઈ વેચાણ દસ્તાવેજમાં મુકવામા આવી હોય તો પણ તે રદબાતલ ગણાય છે (નન એન્ડ વોઈડ) જેનો કાયદામાં કોઈ જ અર્થ રહેતો નથી વેચાણ રાખનાર મુકેલ શરતોનું પાલન ના કરે તો તે લગત કોર્ટમાં દાદ મંજુર થતી નથી. આવા કરારના પાલનનો દાવો નામદાર કોર્ટ મંજુર કરી શકે નહિ તેવું નામદાર સુપ્રિમ કોર્ટે પુરણચંદના કેસમાં ઠરાવેલ છે. ટ્રાન્સફર ઓફ પ્રોપર્ટી એકટની કલમ ૧૦ મુજબ આવા નિયંત્રણો રદબાતલ ગણાય છે. દરેક નાગરિકને મીલ્કત ખરીદીના કાયદેસરના માલીકી હક્કોમાં કોઈપણ રીતે નિયંત્રણ લાદી શકાય નહિ સીવાય કે તે અંગે કોઈ કાયદાથી પ્રતિબંધ મુકાયો હોય વધુમાં કાયદાની પ્રક્રિયા અનુસાર મીલ્કતના માલીકના માલીકી હક્કો છીનવી શકાય નહિ.

જો મીલ્કતનો માલીક વેચાણ લેનારને વેચાણ કરારમાં એવી શરતો મુકે કે આટલા સમયમાં બાંધકામ પૂર્ણ નહી કરે તો વેચાણ કરાર અમાન્ય કરી મીલ્કતના માલીકી હક્કો પુનઃ વેચાણ આલનારના રહેશે તો આવી શરતો વેચાણ કરારમાં મુકી શકાય નહિ જે કાયદા મુજબ વ્યર્થ અને નિરર્થક છે તથા આવી શરત રદબાતલ ગણાય છે. એક વખત મીલ્કત વેચાણ આપ્યા પછી સંપૂર્ણ હક્કો મીલ્કત વેચાણ લેનારના નામે તબદીલ થઈ જતા હોય મીલ્કત વેચાણ આપનારને મીલ્કત પરત્વે કોઈ જ હક્ક અધિકાર રહેતો નથી વેચાણ કરારની શરતો માત્ર પરિપૂર્ણ થવાથી વેચાણ વ્યવહાર પરિપૂર્ણ થયેલો ગણાય (૧) અવેજની ચુકવણી (૨) મીલ્કતના કબજાની મીલ્કત ખરીદનારને સોંપણી. આ સીવાયની તમામ શરતો કાયદાકિય રીતે વ્યર્થ અને રદબાતલ ઠરે છે.

વ્યક્તિ જયારે મીલ્કત ખરીદે છે ત્યારે સદર મીલ્કત ભવિષ્યમાં નિકાલ કરવાનો તેને સંપૂર્ણ હક્ક, અધિકાર આપોઆપ કાયદાકિય રીતે જ મળી જાય છે. વેચાણ દસ્તાવેજમાં આવા હક્કોને નિયંત્રીત કરતી શરતો મુકી શકાય નહિ તથા તેનું પાલન કરવા ફરજ પણ પાડી શકાય નહિ અને આવા નિયંત્રણો મુકવામાં આવતા હોય તો પણ તે ભારતીય બંધારણની કલમ ૩૦૦(એ) મુજબ રદબાતલ ઠરે છે.

ભારતના સંવિધાનમાં સંસદ કે વિધાનસભા દ્વારા ઘડવમા આવેલ કાયદાથી વ્યક્તિએ ધારણ કરેલ મીલ્કતના નિકાલ અંગે જો નિયંત્રણ લાદવામાં આવ્યા હોય તો તે નિયંત્રણો જ જે તે મીલ્કતના તબદીલીમાં લાગુ પડે છે.




ટ્રાન્સફર ઓફ પ્રોપર્ટી એકટની કલમ ૧૦ ની જોગવાઈ સહકારી મંડળીના સભ્ય તરીકે ધારણ કરેલ વ્યક્તિને લાગુ પડતી નથી જેથી સહકારી મંડળીએ તેના પેટા કાયદાથી સભ્યએ ધારણ કરેલ મીલ્કતની તબદીલી અંગેના નિયંત્રણો લાદ્યા હોય તો તેવા નિયંત્રણો સભ્યોને બંધન કરતા રહે છે. આ અંગે નામદાર સુપ્રિમ કોર્ટે ઝોરેહીયન કો.ઓ. હા. સો. લિ. વિરૂધ્ધ ડિસ્ટ્રકટ રજીસ્ટારના કેસમાં સને ૨૦૦૫ માં ઠરાવ્યું છે.

જયારે વ્યક્તિ સહકારી મંડળીનું સભ્યપદ સ્વીકારે અને જમીનોના પ્લોટનું કે મકાનની ખાતરી મેળવે ત્યારે સહકારી મંડળી દ્વારા મીલ્કત તબદીલીના અધિકાર ઉપર નિયંત્રણ મુકે ત્યારે તેને ટ્રાન્સફર ઓફ પ્રોપર્ટી એકટની કલમ ૧૦ નો ભંગ ઠરાવી શકાશે નહિ. નામદાર કોર્ટે ઠરાવ્યું છે કે સભ્યપદનું આવા પ્રકારનું નિયંત્રણ સંયુકતપણે મંડળીના હિતમાં મુકયુ છે અને

**અનુસંધાન પાના નં. ૭ પર**

# આળસ ખંખેરીને સવારના પહોરમાં કસરત કરવાનું ચૂકશો નહિ



શિયાળે દરબાર ભર્યો છે,
સૌનું તેડું આવ્યું છે!...
તાજાંમાજાં રીંગણ મ્હાલ્યાં
રોફ મારતાં કોબિજ ચાલ્યા;
લાલ ટમેટાં ફક્કડ ચાલ્યાં;
ખિલખિલ કરતાં ફલાવર હાલ્યાં;
સાફા લીલા બાંધી મૂળાભાઈનું
ધાડું આવ્યું છે!

**- હસિત બૂચ**

શિયાળો એટલે ઠંડી ઠંડી હવાની સાથે ફુલગુલાબી મૌસમ અને લીલાછમ્મ શાકભાજીની સવારીની ઋતુ. આમ તો ગ્લોબલ વોર્મિંગના કારણે ધીરે-ધીરે શિયાળાનો સમયગાળો ઉત્તરોત્તર ઘટતો હોય તેવું લાગી રહ્યું છે. તેમાંય ભારત જેવા દેશમાં ગરમીથી ત્રસ્ત એવા આપણા સૌને માટે શિયાળો એ સૌથી વધુ આકર્ષક ઋતુ રહે છે. શિયાળાની ઋતુના આહ્‌લાદક વાતાવરણ તેમજ લીલા શાકભાજીની લિજ્જતના કારણે લગ્ન માટેની પ્રથમ પસંદગી પણ મોટાભાગના લોકોની આ જ ઋતુમાં રહેતી હોય છે. આપણે ગુજરાતીઓ તો સ્વાદરસિયા અને ખાવાના શોખીન હોવાને કારણે વિશ્વભરમાં પ્રસિદ્ધ છીએ જ. ચટાકેદાર ઉંધિયું, લીલવાની કચોરી, બાજરીના રોટલા અને રીંગણનો સ્વાદિષ્ટ ઓળો, હલ્દરીયું, તુવેર ટોઠા જેવી વાનગીઓ આપણે શિયાળામાં મનભરીને માણીએ છીએ.

શિયાળામાં લીલાછમ્મ શાકભાજી સાવ સસ્તા ભાવે અને એકદમ તાજા મળી રહેવાને કારણે તેની લિજ્જત આપણે મનભરીને માણી શકીએ છીએ. આ ઉપરાંત સ્વાસ્થ્યવર્ધક આંબળા અને વસાણા પણ આપણા daily routine diet માં મહત્ત્વનો હિસ્સો બની રહે છે. આંબળા, બીટ, આદુ અને હળદરનો રસ મોટાભાગના ગુજરાતી પરિવારોમાં નિયમિતપણે આખો શિયાળો પીવાય છે. જે સ્વાસ્થ્ય માટે ખૂબ લાભદાયક હોવાની સાથોસાથ આપણી ઈમ્યુન સિસ્ટમને પણ મજબૂત કરવામાં મોટો ભાગ ભજવે છે. સવાર-સવારમાં ગુલાબી ઠંડીની આ મસ્ત મતવાલી ઋતુમાં હેલ્થ કોન્શિયલસ ગુજરાતી લોકો મોર્નિંગ વૉક, જોગિંગ કે ગાજર, બીટ, આંબળાનો જ્યુસ પીને આખાયે વર્ષ માટેની રોગપ્રતિકારક શક્તિ



એકત્રિત કરી લે છે.

આ ઉપરાંત વિવિધ પ્રકારના વસાણા શિયાળાનું ખાસ આકર્ષણ રહે છે. ગુંદરપાક, અડદીયા, મેથીપાક જેવા સ્વાદિષ્ટ વ્યંજનો માત્ર સ્વાદમાં જ ઉત્તમ નથી પણ ગુણવર્ધક પણ છે. સૂંઠ, ગંઠોડા, ખજૂર અને ખારેકની સાથોસાથ ડ્રાયફ્રુટ્સને મિક્સ કરીને આ પ્રકારના વિવિધ વ્યંજનો બનાવવામાં આપણી મમ્મી, દાદીમા અને નાનીમા એકદમ પારંગત હોય છે. કોઈ એક પ્રકારનું વ્યંજન તમને સ્વાદમાં ન ભાવે તો પણ તેઓ તમને ભાવે તે પ્રકારના વસાણા ઝડપથી અને હરખાતાં - હરખાતાં બનાવી આપે છે. આજના આ ફાસ્ટ યુગમાં જયારે કોઈની પાસે સમય રહ્યો જ નથી અને હેલ્થ કોન્શિયસ લોકો જયારે ઘી તથા ડ્રાઈફ્રુટ્સથી દૂર ભાગી રહ્યા છે તેવા સમયમાં પણ વસાણાનો ચાર્મ આજે પણ અકબંધ જળવાઈ રહ્યો છે. અલબત્ત, સમય સાથે રેસીપીમાં થોડો મોર્ડન ટચ અવશ્ય આવ્યો છે. પણ તેને ખાવાનું પ્રમાણ ઘટ્યું નથી. શિયાળાની આ સ્વાસ્થ્યવર્ધક વાનગીઓ શરીરને ચુસ્ત અને તંદુરસ્ત રાખવાની સાથોસાથ ત્વચાને નવો (glow) ચમક બક્ષે છે. માટે સ્વાસ્થ્યની સાથે સુંદરતા પણ નિખરી આવે એવી વાનગીઓ ખાવાનું કોણ ચૂકે?




શિયાળામાં આ તમામ વાનગીઓ અને સ્વાદિષ્ટ વ્યંજનોની સાથે સૌથી વિશેષ અગત્યની બાબત છે શિયાળાની સવારનો કૂણો-કૂણો તડકો. વિટામીન ડી તેમજ વિટામીન બી૧૨ જેવી ઉણપ વર્તાય ત્યારે ડૉકટર ખાસ આ સવારના કૂણા તડકાને પેશન્ટ માટે ખાસ recommand કરે છે. મોર્નિંગ વૉક, હેલ્થી જ્યુસ પીધા બાદ જો તમે પંદર-વીસ મિનિટ આ કૂણા-કૂણા તડકાને નથી માણતા કે તે માટે સમય નથી ફાળવતા તો કંઈક ખૂબ જ અગત્યની વસ્તુ દ્વેજજ કરી રહ્યા છો તેમ ગણાય. માટે આજથી જ આ કૂણા તડકાને પણ માણવાનું શરુ કરવાનું ભૂલશો નહિ.

શિયાળાની ઋતુ સ્વાસ્થ્ય માટે ખૂબ અગત્યની હોવાને કારણે આખા વર્ષ દરમિયાન બેદરકારી રાખવાને કારણે શરીરને જે નુકશાન થયું છે તેની ભરપાઈ કરવા માટે આપણે સૌએ કટિબદ્ધ બનવું જ જોઈએ. લીલીછમ્મ ભાજીઓ, રીંગણ, તુવેર, વટાણા, ગાજર, મૂળા, કેપ્સીકમ જેવા તમામ શાકભાજી અને અદડિયા, ગુંદર પાક વગેરે જેવા પકવાનને માણવા હોય તો આળસને ખંખેરી નાખીને સવારના પહોરમાં કસરત કરવાનું ચૂકશો નહિ. વિશ્વભરમાં સ્વાદરસિયા તરીકે પ્રખ્યાત એવા આપણે ગુજરાતીઓ હવે સ્વાદની સાથોસાથ સ્વાસ્થ્યનું પણ મહત્વ સમજતા થયા છીએ એ આપણા માટે 'સોનામાં સુંગધ ભળવા' જેવી બાબત ગણાય. વળી, વિદેશોમાં વસતા ભારતીયો અને ગુજરાતીઓ ક્રિસમસ વેકેશનની રજાઓ ગાળવા અહીં પરત આવે છે અને મનભરીને ગુજરાતી વાનગીઓ અને ફૂલગુલાબી ઠંડીને ઘરપરિવારના સભ્યો સાથે મળીને માણે છે માટે શિયાળાની આ ઋતુ ખાવાપીવાથી માંડીને, લગ્નો, સમારંભો અને મેળાવડાઓની સાથોસાથ પારિવારિક સ્નેહમિલનની પણ ઋતુ બની રહે છે. માટે જ તો વિદેશમાં વસ્તો ભારતીય ગાઈ ઊઠે છે કે,

Last Sean :

"અમે જઈએ અમારે દેશ; રામરામજી;
થઈ પૂરી વરસની ભેટ, રામરામજી.
પડે દેશે કડકડતી ટાઢ, રામરામજી;
અમે આવ્યા શિયાળા કાજ, રામરામજી."

**- પ્રીતમલાલ મજમુંદાર**

- nehalgadhavi101@gmail.com

# ભારતમાં રાષ્ટ્રભક્તિના નવા અધ્યાયનાં મંગળાચરણ

ભારતમાં સમયાંતરે રાષ્ટ્રભક્ત દેખાવાના નવા નુસખા અપનાવાય છે. ક્યારેક 'ભારત માતા કી જય' બોલવામાં ભારતભક્તિનાં દર્શન કરાવાય છે અને 'ઈસ દેશ મેં રહના હૈ તો ભારત માતા કી જય બોલના હોગા'નાં ફરમાન સત્તાધારી પક્ષના હોદ્દેદારો કે પછી એનાં સમર્થક સંગઠનો તરફથી બહાર પડે છે. ભારત માતા ભણી આદર હોવો એ સહજ વાત છે, પણ આદર કેળવવાની ફરજ પાડવામાં આવે ત્યારે મુસ્લિમ અને જેહોવાપંથી ખ્રિસ્તીઓને એમાં મૂર્તિપૂજાનાં દર્શન થાય છે. વાદ-વિવાદ ચાલે છે. રાજકીય ઉહાપોહ મચે છે. આ બધાની વચ્ચે મૂળ રાષ્ટ્રભક્તિની ભાવના પીસાઈને કણસે છે. એની ભાગ્યે જ કોઈને પડી છે.

- **રાષ્ટ્રગીત ગાવાને સ્વૈચ્છિક ઠરાવનાર સુપ્રીમ કોર્ટ સિનેમાઘરોમાં 'જન ગણ મન' ગવડાવશે**
- **એ જ ન્યાયાધીશો દેશની કોર્ટોની કાર્યવાહીનો આરંભ "જન ગણમન "થી કરવાનું નકારે છે**
- **બીજાં દેશોમાં રાષ્ટ્રગીત કે રાષ્ટ્રધ્વજ બદલી શકાતાં હોય તો ભારતમાં સર્વસ્વીકૃત રાષ્ટ્રીય ગૌરવ કેમ નહીં?**
- **ભારતનું નામ 'ઈન્ડિયા ધેટ ઈઝ ભારત' જેવું વિચિત્ર છે એને બદલે સર્વાનુમતે ભારત નામાંતર થઈ જ શકે**

હમણાં સર્વોચ્ચ અદાલત (સુપ્રીમ કોર્ટ)ની ખંડપીઠના ન્યાયમૂર્તિ જસ્ટિસ દીપક મિશ્રાના વડપણવાળી બેંચે ચુકાદો આપ્યો છે કે પ્રત્યેક સિનેમાઘરમાં ફિલ્મ શરૂ કરતાં પહેલાં રાષ્ટ્રગીતનું ગાન ફરજિયાત કરવામાં આવે, એ વેળા સિનેમાગૃહનાં દ્વાર બંધ કરી દેવાય, પડદા ઉપર ત્રિરંગો ફરકતો બતાવાય અને સિનેમાગૃહમાં ઉપસ્થિત તમામે રાષ્ટ્રગીત માટે આદર દર્શાવવા માટે ૫૨ (બાવન) સેકંડ સુધી ફરજિયાત ઊભા રહેવું. ૩૦ નવેમ્બર ૨૦૧૬ના રોજ સુપ્રીમ કોર્ટે આ ચુકાદો આપ્યો. એના માત્ર બે દિવસ પછી જ આ જ જસ્ટિસ દીપક મિશ્રા અને જસ્ટિસ અમિતાભ રોયની ખંડપીઠ સમક્ષ સુનાવણી માટે આવેલી ધારાશાસ્ત્રી અશ્વિની કુમાર ઉપાધ્યાયની અરજીમાં સુપ્રીમ કોર્ટ, પ્રત્યેક હાઈ કોર્ટ અને નીચલી તમામ કોર્ટોમાં દિવસની કાર્યવાહી શરૂ કરતાં પહેલાં રાષ્ટ્રગીતનું ગાન થાય એવી દાદ માગવામાં આવી હતી એને ફગાવી દેવાઈ હતી! બે દિવસ પહેલાં જ બેંચ શ્યામ નારાયણ ચોકસીની અરજીને પગલે દેશભરનાં સિનેમાઘરોમાં રાષ્ટ્રગીત ગવડાવવાનો આદેશ કરે છે, એ જ બેંચ બે દિવસ પછી અદાલતોમાં રાષ્ટ્રગીત માટે આવો આદેશ નહીં આપીને નવો વિવાદ સર્જે છે.

ભારતની સુપ્રીમ કોર્ટના અગાઉના ચુકાદા મુજબ કોઈપણ નાગરિકને રાષ્ટ્રગીત ગાવાના ફરજ પાડી શકાય નહીં. સમગ્ર દેશના નાગરિકો માટે રાષ્ટ્રગીતને સ્વૈચ્છિક બનાવી દેવાનો ચુકાદો આપનાર સુપ્રીમ કોર્ટ હવે સિનેમા ઘરોમાં રાષ્ટ્રગીતને ફરજિયાત કરવા મુખ્ય સચિવો મારફત નિર્દેશિકા બહાર પડાવે છે. નવાઈ તો એ વાતની છે કે ગુજરાતની વડી અદાલત (હાઈ કોર્ટ) રાષ્ટ્રગીતને ફરજિયાત ગવડાવી શકાય નહીં એવો ચુકાદો આપનાર સર્વપ્રથમ વડી અદાલત હતી. કેરળની વડી અદાલતમાં પણ આવો ખટલો વિચારણા માટે આવ્યો હતો. રાષ્ટ્રગીત 'જન ગણ મન' વિશે મુસ્લિમ અને ખ્રિસ્તી બાળકોને નામે શાળામાં એના ગાનની ફરજ પડાતાં જે તે ધર્મની વિરુદ્ધનું પગલું ગણાવવાની અદાલતોમાં દાદ માંગવામાં આવી હતી. આ સંદર્ભમાં આજે પણ સમગ્ર દેશમાં રાષ્ટ્રગીત ગાવાની કોઈપણ નાગરિકને ફરજ પાડી શકાય નહીં, એવો સુપ્રીમ કોર્ટનો ચુકાદો અકબંધ છે, અમલમાં છે અને રાષ્ટ્રભક્તિનો સવાર સાંજ આલાપ જપતા સત્તાપક્ષ કે વિપક્ષના નેતાઓ કે શાસકો સુપ્રીમ કોર્ટના આવા ચુકાદાને અપ્રભાવી કરીને રાષ્ટ્રગીતને ફરજિયાત કરવા માટે કોઈ બંધારણીય સુધારો કે કાનૂની જોગવાઈ સંસદમાં લઈ આવ્યાનું જાણમાં નથી.




ભારતીય બંધારણસભામાં કવિવર રવીન્દ્રનાથ ઠાકુર કે ટાગોરે ૧૯૧૧માં રચેલા 'જન ગણ મન'ને રાષ્ટ્રગીતનો દરજ્જો અપાયો છે. સાથે જ બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાય રચિત 'વંદે માતરમ્' ના અમુક અંશોને રાષ્ટ્રગાન તરીકે સ્વીકૃતિ અપાઈ છે. બંનેને સમકક્ષ લેખવામાં આવ્યા છે. જોકે, 'જન ગણ મન' કે 'વંદે માતરમ્'ને પૂરેપૂરું ગાવા કે રાષ્ટ્રગીત-રાષ્ટ્રગાન તરીકે સ્વીકારવા સામે મુસ્લિમ સમાજ તરફથી મૂર્તિપૂજાને નામે વિરોધ કરાયો હોવાથી એ બંને ગીતના અમુક અંશોને જ ગાવાની સ્વીકૃતિ અપાયેલી છે.

બંકિમબાબુરચિત 'વંદે માતરમ્' ૧૮૯૬માં કોલકાતામાં મળેલા કૉંગ્રેસના અધિવેશનમાં કવિવર ટાગોરે સૌપ્રથમ ગાયું હતું. પછીથી ૧૯૦૫માં વારાણસીમાં મળેલા કૉંગ્રેસના અધિવેશનમાં સરલાદેવી ચૌધરાઈને તે ગાયું હતું.. શાસક પક્ષ ભારતીય જનતા પક્ષની માતૃસંસ્થા રાષ્ટ્રીય સ્વંયસેવક સંઘને ટાગોરરચિત 'જન ગણ મન' ગીત ૧૯૧૧માં તત્કાલીન 'રાષ્ટ્ર અધિનાયક' એવા કિંગ જ્યોર્જ પંચમના સન્માનમાં રચવામાં આવ્યાનું લાગે છે. સ્વયં ટાગોર અને ઈતિહાસ આવી માન્યતાને વારંવાર ખંડિત કરી ચુક્યો હોવા છતાં અટલબિહારી વાજપેયી વડા પ્રધાન બન્યા ત્યારે પણ સંઘ પરિવારના વિદ્યાર્થી સંગઠન અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદે તેમને આવેદનપત્ર આપીને રાષ્ટ્રગીત તરીકે 'જન ગણ મન'ને રદ કરવાનો આગ્રહ કર્યો હતો. જોકે, ઉદારમતવાદી વાજપેયીએ અભાવિપની આ માગણીને દાદ દીધી નહોતી, પરંતુ હજુ હમણાં જ ભાજપના વરિષ્ઠ નેતામાંથી રાજસ્થાનના રાજ્યપાલ બનેલા કલ્યાણ સિંહે રાજ્યપાલની ગરિમાને બાજુએ સારીને પણ રાષ્ટ્રગીતમાં 'અધિનાયક' શબ્દ અંગ્રેજ શાસક માટે વપરાયો હોવાથી એને સ્થાને 'મંગલ' શબ્દ મૂકવાનું જાહેર નિવેદન કરીને વિવાદનો મધપૂડો છેડ્યો હતો. સંઘની શાખાઓમાં વંદે માતરમ્ આખું ગવાય છે. રાષ્ટ્રગીત તરીકે 'જન ગણ મન'ને બદલે 'વંદે માતરમ્'ને સ્થાન મળે એ દિશામાં પણ ઘણા પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

સંઘ પરિવારને ભારતીય રાષ્ટ્રધ્વજ ત્રિરંગા સામે પણ પ્રારંભથી વાંધો રહ્યો છે. સંઘ અને હિંદુ મહાસભાનો આગ્રહ હતો કે સ્વતંત્ર ભારતનો રાષ્ટ્રધ્વજ તો ભગવો ધ્વજ જ હોય. સંઘમાં ભગવા ધ્વજને ગુરુસ્થાને

**અનુસંધાન પાના નં. ૭ પર**